પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૨ | ૧ ઓગસ્ટ, ૨૦૨૧, રવિવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


**આજની પ્રાર્થના....**
રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા, પ્રતિપળ ઉજ્જવળ રાખું.

# ઐતિહાસિક : રાજ્યમાં ૧૨ કોમર્સનું ૧૦૦% પરિણામ

### પરિણામ બનાવવા માટે ધોરણ ૧૦ના પરિણામના ૫૦ ટકા, ૧૧માના પરિણામના ૨૫ %, ધોરણ ૧૨માં એકમ કસોટીના ૨૫% માર્ક લેવામાં આવ્યા

ગાંધીનગર,તા.૩૧

આજે ગુજરાતમાં ધોરણ ૧૨નું સામાન્ય પ્રવાહનું ઓનલાઈન પરિણામ જાહેર થઈ ગયું છે. કોરોના મહામારીને કારણે ઈતિહાસમાં પહેલીવાર સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. એટલે આ વખતે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાંથી ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને તમામ વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવ્યાં છે. આજે સવારે ૮ કલાકથી બોર્ડની સાઈટ ïજેૠ.ૠજીહ્વ.ક્ષ્નિ પર મૂકવામાં આવ્યું છે. આ પરિણામ સ્કૂલો પોતાની શાળાના પરિણામ ઈન્ડેક્સ નંબર અને પાસવર્ડ દાખલ કરીને લોગીન કરી ડાઉનલોડ કરી જોઈ શકશે તથા પ્રિન્ટ કાઢી આપશે. શાળાઓ વિદ્યાર્થીઓને તેમના પરિણામની પ્રિન્ટ કરેલી કોપી કોરોના ગાઈડલાઈન પ્રમાણે તબક્કાવાર બોલાવીને આપશે. બોર્ડ દ્વારા જાહેર કરાયેલ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં એ૧ ગ્રેડમાં ૬૯૧, એ૨ ગ્રેડમાં ૯૪૫૫, બી૧ ગ્રેડમાં ૩૫,૨૮૮, બી૨ ગ્રેડમાં ૮૨૦૧૦, સી૧ ગ્રેડમાં ૧,૨૯,૭૮૧, સી૨ ગ્રેડમાં ૧,૦૮,૨૯૯, ડી૨ ગ્રેડમાં ૨૮,૬૯૦, ઈ૧ ગ્રેડમાં ૫૮૮૫ અને ઈ૨ ગ્રેડમાં ૨૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. નોંધનીય છે કે, પરિણામ બનાવવા માટે ધોરણ

● અનુસંધાન પાન-૭ પર

# દરેક કામમાં નેશન ફર્સ્ટ હોવાની ભાવના દેખાવી જોઈએ : મોદી

### ટ્રેઈની આપીએસ સાથે વડાપ્રધાને સંવાદ કર્યો : આઈપીએસની સેવાઓ દેશના અલગ અલગ જિલ્લામાં હશે અને એટલે તમારે યાદ રાખવુ પડશે કે, જે પણ નિર્ણય લો તે દેશના હિતમાં હોવો જોઈએ

નવી દિલ્હી,તા.૩૧

પીએમ મોદીએ આજે ટ્રેની





આઈપીએસ ઓફિસરો સાથે સંવાદ કર્યો હતો અને કહ્યુ હતુ કે, છેલ્લા ૭૫ વર્ષમાં ભારતે એક સારી પોલીસ સર્વિસના નિર્માણ માટે પ્રયાસો કર્યા છે.પોલીસ ટ્રેનિંગ માટેની સુવિધાઓમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં સુધારો જોવા મળ્યો છે. તેમણે કહ્યુ હતુ કે, દર વર્ષે મારો પ્રયાસ હોય છે કે, તમારા જેવા યુવાઓ સાથે વાત કરુ અને તમારા વિચારોને જાણું.તમારા વિચારો, સવાલો અને ઉત્સુકતા ભવિષ્યમાં ઉભા થનારા પડકારોનો સામનો કરવા માટે મદદરુપ થશે.તમારે હંમેશા યાદ રાખવાનુ છે કે તમે એક ભારત અને શ્રેષ્ઠ ભારતનો ઝંડો ઉંચો રાખવાનો છે.તમારી દરેક કામગીરીમાં નેશન ફર્સ્ટ હોવાની ભાવના દેખાવી જોઈએ.તમારી સેવાઓ દેશના અલગ અલગ જિલ્લામાં હશે અને એટલે તમારે યાદ રાખવુ પડશે કે, જે પણ નિર્ણય લો તે દેશના હિતમાં હોવો જોઈએ. ગાંધીજીએ કરેલી દાંડીયાત્રાનો ઉલ્લેખ કરીને પીએમ મોદીએ કહ્યુ હતુ કે, તે સમયે દેશના યુવાઓ આગળ આવ્યા હતા અને એક થઈને દેશની આઝાદીનુ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કામે લાગ્યા હતા.તે સમયે યુવાઓ સ્વરાજ્ય માટે લડ્યા હતા અને તમારે સુરાજ્ય માટે આગળ વધવાનુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સાંસદ બાબુલ સુપ્રિયોએ રાજનીતિમાંથી સંન્યાસ લીધો

### સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં જાહેરાત કરી

કોલકત્તા, તા.૩૧

પશ્ચિમ બંગાળના આસનસોલથી ભાજપના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી બાબુલ સુપ્રિયોએ રાજનીતિ છોડવાનો નિર્ણય કર્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી રાજનીતિમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા નરેન્દ્ર મોદીએ પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું

● અનુસંધાન પાન-૭ પર

## કમલપ્રીત કૌર ડિસ્કસ થ્રોની ફાઈનલમાં

ટોક્યો, તા.૩૧

ટોક્યો ઓલિમ્પિકમાં ભારતે એક મેડલ પોતાના નામે કર્યુ છે. આ સિવાય ૨૪ વર્ષીય ભારતીય મુક્કાબાજ લવલીના બોરગોહેને મહિલા બોક્સિંગના સેમીફાઈનલમાં પહોંચીને બ્રોન્ઝ મેડલ તો સુનિશ્ચિત કર્યુ જ છે. શનિવારના રોજ ડિસ્કસ થ્રોમાં એથ્લીટ કમલપ્રીત કૌરે ધમાકેદાર પ્રદર્શન કરીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. જો કે સીમા પૂનિયા ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી છે. ભારતની મહિલા ડિસ્કસ થ્રો એથ્લીટ કમલપ્રીત ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. તેણે અંતિમ પ્રયાસમાં ૬૪.૦૦ મીટરની દૂરી પર થ્રો કર્યુ હતું. જો અનુભવી સીમા પૂનિયાની વાત કરીએ તો તેણે નિષ્ફળતા પ્રાપ્ત કરી છે.




ZAVERI FESTIVE SALE

તારીખ : ૦૨-૦૮-૨૦૨૧ સોમવારથી

30% ફ્લેટ ડિસ્કાઉન્ટ ! ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જ પર

50% ફ્લેટ ડિસ્કાઉન્ટ ! રીયલ ડાયમન્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જ પર

BIS 916 Hallmark Jewellery

૨૨ કેરેટ હૉલમાર્ક જ્વેલરીનો ખરીદ તેમજ વેચાણનો એકજ ભાવ

- સૌથી ઓછો સોનાનો ભાવ
- સોનાના ભાવ પર 0% એડેડ કોસ્ટ

Zaveri & co.
(RAJKOTWALA)
Celebrating Tradition since 1958
AHMEDABAD - SURAT zaveriandco.com

ઉપરોક્ત ઓફર અમારા બધાજ શોરૂમ ઉપર ઉપલબ્ધ | રવિવારે ચાલુ

"મફત" તપાસ કેમ્પ (સોમ થી શનિ)

દુઃખાવાના દર્દીઓ માટે

| તારીખ | સમય | તપાસ : મફત |
| --- | --- | --- |
| ૨ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ | સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭ | દવા : ૧૦% રાહત<br>સારવાર : ૧૦% રાહત |

સ્થળ
"રિલીફ" પેઈન કલીનીક
ડો.રાજીવ હર્ષે (એમ.ડી.)
૩૨૪, રાધે સ્ક્વેર, રિલાયન્સ સર્કલ, કુડાસણ, ગાંધીનગર

કમરનો દુઃખાવો | રાંઝણ સાયેટીકા | ઢીંચણનો દુઃખાવો | ખભાનો દુઃખાવો

આવતીકાલે ગાંધીનગરના જન્મદિને
શુભારંભ
સુરવંદિતા
રેકોર્ડિંગ સ્ટુડિયો

: શુભસ્થળ :
દુકાન નં. ૨૦૨, શ્રી શારદા એવન્યુ શોપીંગ, 'ક' રોડ, વાવોલ, ગાંધીનગર

: શુભારંભ તારીખ અને સમય :
૨/૮/૨૦૨૧ને સોમવારે સવારે ૧૦-૦૦ કલાકે

● અતિથિ વિશેષ ●

પ.પૂ. મહંતશ્રી રામસ્વરૂપપુરીજી
ધોળેશ્વર મહાદેવ મંદિર, ગાંધીનગર

શ્રી કૃષ્ણકાન્ત જહા
તંત્રી - ગાંધીનગર સમાચાર
અધ્યક્ષ - કલ્ચરલ ફોરમ, ગાંધીનગર

શ્રી સલિલભાઈ મહેતા
સુરિલી સરગમ ફેઈમ
જાણીતા કલાકાર

શ્રી શંકરસિંહ એસ. ગોહિલ
વાઈસ ચેરમેન - ગુજરાત બાર કાઉન્સિલ અને
સેન્ટ્રલ ગવર્નમેન્ટ કાઉન્સિલ, ગાંધીનગર, ભારત સરકાર

● નિમંત્રક ●
અસીતકુમાર પી. ભટ્ટ
ફર્મ : અસીતકુમાર, હોટેલ બેલેન, યુ-ટ્યુબ ચેનલ - AB Digital

ગાંધીનગરમાં સોનેરી તક

- ગાંધીનગર સેક્ટર - ૨૮ ગાર્ડન ફાફ્ટવીલામાં ૪૫ દુકાનો માસિક રૂ. ૭૫૦૦ થી ૧૦,૦૦૦ ભાડાથી આપવાની છે. દુકાન ભાડે રાખવા રસ ધરાવતા વ્યક્તિએ વિગતો સીલબંધ કવરમાં નીચેના એડ્રેસ પર મોકલવાનું રહેશે.
- ગાંધીનગર સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ પાર્ટીપ્લોટનાં સંચાલન કરવા માટેની ઓફર નીચેના સરનામાં પર સીલબંધ કવરમાં મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ ફુડ કોર્ટ ભાડાથી ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડનમાં આવેલ રેસ્ટોરેન્ટ ચલાવવાની ઓફર સીલબંધ કવરમાં નીચે લખેલ સરનામાં પર મોકલવાનું રહેશે.
- સેક્ટર ૨૮ ગાર્ડન ગાંધીનગર ખાતે જાહેરાત માટેનો હક્ક લેવા માટેની ઓફર સીલબંધ કવરમાં નીચેના સરનામાં પર મોકલવાનું રહેશે.

નોંધ -
૧. સ્થળ જોવા માટેનો સમય - બપોરે ૧:૦૦ થી ૫:૦૦ નો રહેશે
૨. રસ ધરાવતા વ્યક્તિએ પોતાનું નામ, સરનામું, મોબાઇલનં, ધંધાનો પ્રકાર અને ઓફરની વિગત સાથે સીલબંધ કરીને નીચે દર્શાવેલ સ્થળ મોકલવાનું રહેશે.
૩. સીલબંધ કવર નીચે દર્શાવેલ સ્થળ પર દિન -૭માં મોકલવું

- કવર મોકલવા માટેનું સ્થળ -
સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર
સંપર્ક- ૯૮૨૪૪ ૭૮૮૬૭

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬